# કાર્યનોંધ

## પ્રકાશન સમિતિની બેઠક

## શૈક્ષણિક વર્ષ - ૨૦૧૬-૧૭ (બીજી)

તા. ૧૮-૧૧-૨૦૧૬નાં રોજ માન.કુલપતિશ્રીનાં કાર્યાલયમાં અને તેમની અધ્યક્ષતામાં શૈક્ષણિક વર્ષ ૨૦૧૬-૧૭ની પ્રકાશન સમિતિની બીજી બેઠકનું આયોજન થયું. બેઠકમાં નીચેની વિગતે બહાલી આપવામાં આવી અને સમિતિએ અન્ય ભલામણો પણ કરેલ છે.

- પ્રકાશન વિભાગ દ્વારા પ્રકાશિત કરવામાં આવેલ બે ગ્રંથો ૧. काव्यलक्षणम् અને ૨. छन्दःशास्त्र से विकल्प गणित का विकासને સર્વાનુમતે બહાલી આપવામાં આવી.

- वेदान्तपरिभाषा ગ્રંથનો બીજો સમીક્ષા પત્ર આવ્યા બાદ પ્રકાશન સમિતિ પ્રકાશનાર્થે યોગ્ય નિર્ણય કરશે.

- પ્રકાશન વિભાગ દ્વારા બે ગ્રંથોની સમીક્ષા કરાવતાં, કુલ ચાર સમીક્ષકોએ નીચે મુજબ ભલામણ કરેલ છે.

  પુસ્તક-૧ बारीन्द्रकुमार घोषः (ગુજરાતીમાંથી સંસ્કૃત અનુવાદ)

  સમીક્ષક-૧ = ડૉ. અમૃતલાલ ભોગાયતા = પ્રકાશનની ભલામણ કરેલ છે

  સમીક્ષક -૨= પ્રો. કમલેશ ચોકસી = પ્રકાશની ભલામણ કરેલ છે

  પુસ્તક-૨ भर्तृहरि के तीन शतक (मूल संस्कृत से कुण्डलिया छन्द में हिन्दी अनुवाद)

  સમીક્ષક – ૧ = ડૉ. નરેન્દ્રકુમાર પંડ્યા = પ્રકાશનની ભલામણ કરેલ નથી.

  સમીક્ષક – ૨ = પ્રો. 'અભિરાજ રાજેન્દ્ર મિશ્રા = પ્રકાશનની ભલામણ કરેલ છે

- પુસ્તક – ૧નાં બંને સમીક્ષકોએ પ્રકાશનની ભલામણ કરેલ છે. ગુજરાત સાહિત્ય અકાદમી, ગાંધીનગરે વર્ષ ૨૦૦૫માં સરફરોશી પુસ્તક શ્રેણી અંતર્ગત ગુજરાતીમાં પ્રકાશિત કરેલ છે. અનુવાદકે સંસ્કૃતમાં અનુવાદ કરેલ છે, પરંતુ મૂળ(ગ્રંથ) પ્રકાશક પાસેથી સંસ્કૃતમાં અનુવાદિત ગ્રંથ પ્રકાશનની મંજૂરી અનુવાદકે મેળવેલ નથી. આથી યુનિવર્સિટી કક્ષાએથી આ અનુવાદિત ગ્રંથ પ્રકાશનની મંજૂરી લેવાની પ્રકાશન સમિતિ ભલામણ કરે છે. અનુવાદિત ગ્રંથ પ્રકાશનની મંજૂરી આવ્યેથી પ્રકાશનની અગ્રિમ કાર્યવાહી કરવાની સમિતિ ભલામણ કરે છે.
- પુસ્તક-૨ની બાબતમાં એક સમીક્ષકે પ્રકાશનની ભલામણ કરેલ નથી. સમીક્ષકનો સમીક્ષા પત્ર ફાઈલમાં સાદર કરેલ છે. આ ઉપરાંત, સંશોધન અધિકારીશ્રીએ માન. કુલપતિશ્રીની સૂચનાથી તા. ૧૮-૧૧-૨૦૧૬નાં રોજ ૪:૩૦ કલાકે ગ્રંથનાં અનુવાદક આત્મપ્રકાશ કુમાર (મો. ૯૮૨૫૩૩૪૪૭૯) સાથે ગ્રંથ પ્રકાશન અંગે ટેલિફોનિક ચર્ચા કરી, તેમણે જણાવ્યું કે તેમણે આ જ ગ્રંથ સાહિત્ય અકાદમીમાં પણ પ્રકાશન અર્થે મોકલેલ છે. આથી, પ્રકાશન સમિતિ આ ગ્રંથ પ્રકાશિત ન કરવાની ભલામણ કરે છે.
- सोमज्योतिः અંક-૧૩નાં પ્રકાશનને સર્વાનુમતે બહાલી આપવામાં આવી અને सोमज्योतिः અંક-૧૪ ઝડપથી તૈયાર કરી પ્રકાશનની મંજૂરી આપવામાં આવી.

- પ્રકાશન અર્થે આવેલ ગ્રંથોની સમીક્ષા અર્થે સમિતિ નીચે મુજબની ભલામણો કરે છે.

  પુસ્તક–૧ Bhāratīya Trikoṇamiti Śāstra (Hindu Trigonometry) (By Venugopal D. Heroor)

SHREE SOMNATH SANSKRIT UNIVERSITY VERAVAL

પ્રકાશન સમિતિ ભલામણ કરે છે કે જો લેખક આ જ ગ્રંથ સંસ્કૃત અથવા હિન્દી વ્યાખ્યા સહિત અત્રેની યુનિવર્સિટીમાં ફરી જમા કરાવશે તો જ પ્રકાશન માટે ગ્રાહ્ય ગણાશે, હાલમાં પ્રકાશન સમિતિ બે સમીક્ષકોનાં નામ ન સૂચવતાં આ ગ્રંથ અંગ્રેજીમાં હોઈ ઉક્ત સૂચનો સહિત લેખકને પરત કરવા ભલામણ કરે છે.

પુસ્તક-૨ सौराष्ट्रस्य रसधारा (મુળ ગુજરાતી 'સૌરાષ્ટ્રની રસધાર' નો સંસ્કૃત અનુવાદ)

સમીક્ષક-૧ પ્રો. ઉમાશંકર શર્મા 'ઋષિ', પટણા

સમીક્ષક-૨ પ્રો. વિજય પંડ્યા, અમદાવાદ

અનુવાદકે પ્રકાશક પાસેથી અનુવાદિત ગ્રંથ પ્રકાશનની મંજૂરી મેળવેલ છે, જેની પ્રકાશન સમિતિએ નોંધ લઈ બે સમીક્ષકોનાં નામ સૂચવેલ છે.

પુસ્તક-૩ श्रीमद्भागवतश्लोकरत्नमञ्जूषा (શ્રી જિતેન્દ્રભાઈ વ્યાસ)

પ્રકાશન સમિતિએ ગ્રંથની સમીક્ષા કરતાં જણાવેલ છે કે ગ્રંથનાં શીર્ષકને ધ્યાને લેતાં તેમાં કર્તવ્યબોધ, રાજનીતિ તેમજ સમાજિક ઉપદેશાત્મક શ્લોકોનો જ સંગ્રહ થવો જોઈએ. તેમ છતાં કેટલાક ભક્તિ અને ઈતિહાસ વિષયક શ્લોકો જોવા મળેલ છે. આથી પ્રકાશન સમિતિ ભલામણ કરે છે કે સમિતિની સમીક્ષા ધ્યાને લઈ સંપાદક જો જરૂરી સુધારા/વધારા કરી ફરી આ સુધારેલ ગ્રંથની નકલ યુનિવર્સિટીમાં પ્રકાશન અર્થે રજૂ કરે તો પ્રકાશન અંગે યોગ્ય કાર્યવાહી કરી શકાય. હાલમાં પ્રકાશન સમિતિ બે સમીક્ષકોનાં નામ ન સૂચવતાં આ ગ્રંથ ઉક્ત સૂચનો સહિત સંપાદકને પરત કરવા ભલામણ કરે છે.

પુસ્તક-૪ जयसोमनाथः (ડૉ. કૃષ્ણ પ્રસાદ નિરૌલા)

ભારતીય વિદ્યાભવન, મુંબઈએ સૌ પ્રથમ વર્ષ ૧૯૪૦માં આ ગ્રંથ ગુજરાતીમાં પ્રકાશિત કરેલ છે. અંતિમ પુનઃમુદ્રણ વર્ષ ૨૦૦૮માં થયેલ છે. અનુવાદક ડૉ. કૃષ્ણપ્રસાદ નિરૌલાએ આ ગ્રંથનો સંસ્કૃતમાં અનુવાદ કરેલ છે. પરંતુ મૂળ (ગ્રંથ) પ્રકાશક પાસેથી સંસ્કૃતમાં અનુવાદિત ગ્રંથ પ્રકાશનની મંજૂરી અનુવાદકે મેળવેલ નથી. આથી, યુનિવર્સિટી કક્ષાએથી આ અનુવાદિત ગ્રંથ પ્રકાશનની મંજૂરી આવ્યેથી પ્રકાશનની અગ્રિમ કાર્યવાહી કરવાની પ્રકાશન સમિતિ ભલામણ કરે છે.

પુસ્તક-૫ श्रीनरेन्द्रविजयमहाकाव्यम् (ડૉ. અંબાલાલ પ્રજાપતિ)

સમીક્ષક-૧ = ડૉ. હર્ષદેવ માધવ, અમદાવાદ

સમીક્ષક-૨ = ડૉ. શિવજી ઉપાધ્યાય, વારાણસી

- વર્ષ-૨૦૧૭નાં યુનિવર્સિટી ડાયરી-કેલેન્ડર-પ્લાનર છાપકામનાં અંદાજિત કુલ ખર્ચ Rs. 99,350/- ને પ્રકાશન સમિતિએ મંજૂરી આપેલ છે.
- वाक्यार्थज्योतिःનાં લેખોની સમીક્ષા કરવાં માન-કુલપતિશ્રીએ ડૉ. ગૌતમ પટેલનું નામ સૂચવેલ હતું. યુનિવર્સિટીએ કુલ ૧૮ લેખો સમીક્ષાર્થે તેમની પાસે મોકલેલ હતાં. જેમાંથી કેટલાક લેખોનાં વિષય ટેકનિકલ હોઈ તેમણે તે લેખોની સમીક્ષા કરેલ નથી. આથી, પ્રકાશન સમિતિ આ ટેકનીકલ

SHREE SOMNATH SANSKRIT UNIVERSITY VERAVAL

વિષયક લેખોની સમીક્ષાર્થે પ્રો. હંસધર ઝા, રાષ્ટ્રીય સંસ્કૃત સંસ્થાન, ભોપાલ પરિસરનું નામ સૂચવે છે. સમીક્ષા થઈ આવ્યેથી ઝડપથી પ્રકાશનની કામગીરી કરવા સમિતિ ભલામણ કરે છે.

- I.S.S. શોધપત્ર પુસ્તિકાને ૩૫૦ની પ્રત સંખ્યામાં પ્રકાશિત કરવાની સમિતિ ભલામણ કરે છે.
- શૈક્ષણિક વર્ષ ૨૦૧૬-૧૭માં પ્રકાશન વિભાગે આજ દિન સુધીમાં કરેલ ખર્ચ ૧,૩૯,૨૫૨/- ને સમિતિએ મંજૂરી આપેલ છે. વણ વપરાયેલ રૂપિયા ૮,૬૦,૭૪૮ ને માર્ચ-૨૦૧૭ પહેલાં પ્રકાશન પેટે ખર્ચ કરવાની સમિતિ ભલામણ કરે છે.
- પ્રકાશનની અગ્રતામાં शोधज्योतिः, दीक्षान्तप्रवचन ગ્રંથ, I.S.S. શોધપત્ર પુસ્તિકા, वाक्यार्थज्योतिः, सोमज्योतिः -અંક ૧૪નો ક્રમ રાખવા ભલામણ છે.

SHREE SOMNATH SANSKRIT UNIVERSITY VERAVAL

(ડૉ. કાર્તિક પંડ્યા)
સંશોધન અધિકારી